# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તાઃ ૮/૪/૨૦૨૦

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# રીયલ એસ્ટેટ એન્ડ કેપિટલ ગેઇન વીથ સેકશન ૫૦ સી એન્ડ સેકશન ૫૪ વિષય ઉપર ઉપર વેબીનાર યોજાયો

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને ધી સધર્ન ગુજરાત ઇન્કમ ટેક્ષ બાર એસોસિએશનના સંયુકત ઉપક્રમે આજે બપોરે ૧૨:૦૦ કલાકે રીયલ એસ્ટેટ એન્ડ કેપિટલ ગેઇન વીથ સેકશન ૫૦ સી એન્ડ સેકશન ૫૪ વિષય ઉપર વિડિયો કોન્ફરન્સ (વેબીનાર)નું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિષ્ણાંત વકતા તરીકે અમદાવાદના સીએ પલક પાવાગઢીએ સેકશન ૪૩સીએ, સેકશન ૫૦ સી, સેકશન ૫૪ અને ગીફટ અન્ડર સેકશન ૫૬(૨) વિશે મહત્વનું માર્ગદર્શન આપ્યુ હતુ. ધી સધર્ન ગુજરાત ઇન્કમ ટેક્ષ બાર એસોસિએશનના પ્રમુખ સીએ અનિલ શાહે કુશળતાપૂર્વક વેબીનારનું સંચાલન કર્યુ હતુ. જેમાં દેશભરમાંથી ૩૩૩ જેટલા પ્રોફેશનલોએ ભાગ લીધો હતો અને તેમનો ખૂબ જ સારો પ્રતિભાવ જોવા મળ્યો હતો.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી ધીરેન થરનારીએ જણાવ્યુ હતુ કે, ટેક્ષેશનને સમજવાની ખૂબ જ જરૂર હોય છે. ખાસ કરીને આ વ્યવસાયની સાથે સંકળાયેલા સીએ, કન્સલ્ટન્ટ અને એડવોકેટ તેમજ લોકોને અવેર કરવા માટે ચેમ્બર દ્વારા ટેક્ષેશન વિશે સેમિનાર યોજવામાં આવે છે. અત્યારે લોકડાઉનની સ્થિતિમાં ચેમ્બર વેબીનાર થકી વિવિધ વિષયોની માહિતી પહોંચાડવાનો પ્રયાસ કરી રહયું છે.

સીએ પલક પાવાગઢીએ જણાવ્યુ હતુ કે, પહેલાં એવુ થતુ હતું કે પ્રોપર્ટીની રકમ નકકી થતી હતી પણ બુકમાં ઓછી રકમ બતાવવામાં આવતી હતી. આ બાબતને નિયંત્રિત કરવા માટે સેકશન ૫૦ સી અમલમાં લાવવામાં આવ્યો હતો. આ સેકશન બાદ પ્રોપર્ટીનું ફરજિયાતપણે સબ રજિસ્ટ્રાર પાસે જઇને રજિસ્ટ્રેશન કરવાનું થાય છે. જેના ભાગરૂપે પ્રોપર્ટીની કિંમતને આધારે ૪.૯ % સુધીની સ્ટેમ્પ ડયુટી ભરવાની રહે છે. નકકી થયેલી જંત્રી પ્રમાણે પ્રોપર્ટીની સ્ટેમ્પ ડયુટી ભરવાની હોય છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, રૂપિયા ૧ કરોડની એકચ્યુલ સેલ્સ થાય છે અને સ્ટેમ્પ ડ્યુટી રૂપિયા ૧ કરોડ ૪ લાખ થાય તો સરકારે રૂપિયા ૧ કરોડ ઉપર ૫ %ની લિમિટ બાંધી હતી. ચાલુ વર્ષથી નાણાંમંત્રીએ ૫ %ની લિમિટને વધારીને ૧૦ % કરી દીધી છે. આથી ચાલુ વર્ષથી પ્રોપર્ટી ઉપર આ નિયમ મુજબ સ્ટેમ્પ ડ્યુટી ભરવાની રહેશે. તેમણે ગીફટ અન્ડર સેકશન ૫૬(૨), સેકશન ૪૩સીએ, સેકશન ૫૦સી, ડેવલપમેન્ટ રાઇટ્સ, લીઝ રાઇટ્સ, ટેનાન્સી રાઇટ્સ અને ડેપ્રીશિએબલ એસેટ વિશે પણ સમજણ આપી હતી.

સેકશન ૫૪ અંગે તેમણે જણાવ્યુ હતુ કે, આ સેકશન ભારતમાં રેસિડેન્સીયલ હાઉસ માટે લાગુ પડે છે. આ સેકશનમાં લોન્ગ ટર્મ કેપીટલ અને ઇન્વેસ્ટમેન્ટની સામે એકઝમ્પ્શન મળે છે. દાલખા તરીકે એક વ્યકિત રૂપિયા ૧ કરોડ ૮૦ લાખમાં પોતાનું મકાન વેચે છે. ત્યારબાદ રૂપિયા ૧ કરોડમાં એક મકાન અને બીજું મકાન ઇન્વેસ્ટમેન્ટ માટે રૂપિયા ૫૦ લાખમાં ખરીદી કરે છે ત્યારે આ વ્યકિતને રૂપિયા ૧.૮૦ કરોડને બદલે રૂપિયા ૧.૫૦ કરોડ ઉપર જ એકઝમ્પ્શન મળવાને પાત્ર હોય છે. વધુમાં તેમણે કહયુ કે, કોઇ વ્યકિત ઘર વેચીને મેળવેલા રૂપિયા નવું ઘર ખરીદવાને બદલે એ રૂપિયાને શેરબજાર અથવા મ્યુચ્યુઅલ ફંડમાં ઇન્વેસ્ટ કરે તો એવા સંજોગોમાં પણ તેમને સેકશન ૫૪ મુજબ લાભ મળવાને પાત્ર હોય છે.

આ વેબીનારમાં દેશભરમાંથી ૩૩૩ જેટલા પ્રોફેશનલોએ ભાગ લીધો હતો. ધી સધર્ન ગુજરાત ઇન્કમ ટેક્ષ બાર એસોસિએશનના પ્રમુખ સીએ અનિલ શાહે આ વેબીનારનું કુશળતાપૂર્વક સંચાલન કર્યુ હતુ. ચેમ્બરના ઇવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના હેડ શ્રી મૃણાલ શુકલએ પ્રાસંગિક વિધી કરી હતી. અંતે ચેમ્બરના માનદ્ ખજાનચી શ્રી શૈલેષ દેસાઇએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ વેબીનારનું સમાપન થયુ હતુ.